વિકલાંગ (દિવ્યાંગ) સાધન સહાય યોજનામાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક-અપગ/૧૦૨૦૧૯/૫૨૦૮૩૩/છ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૨૬/૧૨/૨૦૧૯.

વંચાણે લીધા:-

(૧) ભુતપૂર્વ શિક્ષણ અને મજૂર વિભાગનો તા.૧૦/૦૪/૧૯૭૦નો ઠરાવ નં.ઈડીબી/૧૦૬૯/૨૧૫૬૦/છ

(૨) સામજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૧૮/૦૪/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક:- અપગ/ ૧૦૨૦૧૬/૮૬૦૬૧૫/ન.બા.૩/છ.૧

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૦૯/૧૦/૨૦૧૯નો પત્ર નં.અપગ/ દિવ્યાંગ સાધન સહાય/૧૯-૨૦/૪૨૮.

આમુખ-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના તા.૧૦/૦૪/૧૯૭૦ના ઠરાવથી રાજ્યમાં વિકલાંગો (દિવ્યાંગો)ને કૃત્રિમ અવયવો બેસાડવા તથા શૈક્ષણિક અને ધંધાકીય રીતે ઉપયોગી થાય તેવા સાધનો પુરા પાડી તેમનો શૈક્ષણિક વિકાસ અને સામાજિક પુન: સ્થાપન થાય તે હેતુથી સાધન સહાય યોજના અમલમાં મુકવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના તા.૧૮/૦૪/૨૦૧૬ના ઠરાવથી આ યોજનામાં સાધન સહાય રૂ.૬૦૦૦/-ની મર્યાદામાં ચુકવવામાં આવતી હતી જે વધારીને રૂ.૧૦૦૦૦/- ની મર્યાદામાં કરવામાં આવેલ છે.

તા.૦૫/૧૦/૨૦૧૯ના રોજ માન. મુખ્યમંત્રીશ્રીના નિવાસસ્થાને દિવ્યાંગો સાથે યોજાયેલ "મોકળા મને" કાર્યક્રમમાં માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા વિકલાંગ (દિવ્યાંગ) સાધન સહાય જે હાલમાં રૂ.૧૦,૦૦૦/- આપવામાં આવે છે તે વધારીને બમણી એટલે કે રૂ.૨૦,૦૦૦/- કરવાની જાહેરાત કરેલ અને તેનો અમલ તાત્કાલિક કરવામાં આવશે તેમ પણ સૂચવવામાં આવેલ જે અન્વયે નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરના વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના તા.૦૯/૧૦/૨૦૧૯ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ-

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક (૩) પરના તા.૦૯/૧૦/૨૦૧૯ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને વિકલાંગ (દિવ્યાંગ) સાધન સહાય યોજનામાં સુધારો કરી સહાય રૂ.૧૦,૦૦૦/-ની મર્યાદામાં ચુકવવામાં આવતી હતી જે વધારીને બમણી એટલે કે રૂ.૨૦,૦૦૦/-ની મર્યાદામાં ચુકવવાની આથી નીચેની શરતોને આધીન મંજુરી આપવામાં આવે છે.

શરતો-

(૧) આ વધારો તા.૦૧/૧૧/૨૦૧૯થી અમલી કરવાનો રહેશે.

(૨) આ યોજનામાં રૂ.૨૦,૦૦૦/-ની મર્યાદામાં ખરેખર જે ખર્ચ થયો હોય તેટલી રકમ લાભાર્થીને ચુકવવાની રહેશે.

(૩) તા.૦૧/૧૧/૨૦૧૯થી લાગુ થનાર આ વધારો વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રની મંજૂરી બાદ અમલી થતો હોઇ વધારાના ખર્ચ માટે પૂરક માંગણીના માધ્યમથી વિધાનસભાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૪) આ અંગેનો ખર્ચ માંગણી નં-૦૯૨ મુ.સ-૨૨૩૫-૦૨-૧૦૧-૦૧, માંગણી નં-૦૯૫ મુ.સ-૨૨૩૫-૦૨-૧૦૧-૦૧ અને માંગણી નં-૦૯૬ મુ.સ-૨૨૩૫-૦૨-૭૯૬-૦૫ બજેટ હેડ હેઠળ પાડવાનો રહેશે.

(૫) આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

આ મંજૂરી વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૪/૧૦/૨૦૧૯ની નોંધ તથા સરકારશ્રીની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( પ્રમેશ ગામેતી )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.*
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર

- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં-૧૬, ડો જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( મારફતે નિયામકશ્રી સમાજ સુરક્ષા,બ્લોક નં-૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- છ શાખા/ બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- ના.સે.અ.શ્રીની સિલેક્ટ ફાઈલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.